પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૭ | ૧૮ એપ્રિલ, ૨૦૨૨, સોમવાર; ચૈત્ર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આજથી પ્રધાનમંત્રી ગુજરાતના પ્રવાસે

## ૧૮થી ૨૦ એપ્રિલ એમ ત્રણ દિવસના મહેમાન બનશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ હજાર કરોડના વિકાસ કાર્યોની ભેટ આપશે પીએમના સ્વાગત માટે ભાજપના સંગઠન દ્વારા તડામાર તૈયારીઓ કરાઈ

અમદાવાદ, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર ગુજરાતના પ્રવાસ પર આવી રહ્યા છે, સોમવારે સાંજે વડાપ્રધાન ગુજરાત આવી રહ્યા છે તે પછી તેઓ ત્રણ દિવસ સુધી રાજ્યના મહેમાન બનશે. પીએમના સ્વાગત માટે ભાજપના સંગઠન દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. અમદાવાદ આવ્યા બાદ વડાપ્રધાન મોદી મહાત્મા મંદિર સહિતના કાર્યક્રમોમાં ભાગ લેવાના છે. આ દરમિયાન તેઓ ૨૫ હજાર કરોડના વિકાસ કાર્યોની ભેટ આપવાના છે. ગુજરાતમાં વડાપ્રધાન મોદી ખાતમુહૂર્ત સહિતના વિકાસકાર્યોની ભેટ આપવાના છે. વડાપ્રધાન દાહોદ



અને બનાસકાંઠા જિલ્લાની પણ મુલાકાત લેવાના છે. ૧૮મી એપ્રિલે એટલે કે સોમવારે વડાપ્રધાન મોદી સાંજે ૫.૩૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચશે અહીંથી તેઓ સીધા ગાંધીનગરમાં શિક્ષણ વિભાગના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત સાથે ત્રણ દિવસના પ્રવાસનો પ્રારંભ કરશે. અહીંથી વડાપ્રધાન રાજ્યભવન જવા માટે રવાના થશે અને ગાંધીનગરમાં જ રાત્રી રોકાણ કરશે.

બીજા દિવસે ૧૯ એપ્રિલે સવારે ૯.૪૦ વાગ્યે વડાપ્રધાન મોદી સચિવાલય સંકુલમાં આવેલા હેલિપેડથી જ બનાસકાંઠાના દિયોદર જવાના માટે રવાના થશે, અહીં તેઓ બનાસ ડેરી દ્વારા તૈયાર કરાયેલા નવા ડેરી સંકુલનું લોકાર્પણ કરશે. અહીં દૂધની સાથે ચોકલેટ, ચીઝ, માખણ, છાસ, આઈસક્રીમ સહિતના ઉત્પાદનો તૈયાર કરવામાં આવશે. આ પછી પોતાના પ્રવાસના બીજા દિવસે એટલે કે ૧૯ એપ્રિલના રોજ વડાપ્રધાન મોદી બપોરે ૩.૩૦ વાગ્યે જામનગરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશન (ઉઝ્ૐ) ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન્સનું ખાતમુહૂર્ત કરશે. આ કાર્યક્રમ દરમિયાન મોરેશિયસના વડાપ્રધાન, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશનના ડિરેક્ટર જનરલ, આયુષ મંત્રી સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે. જે પછી ૨૦ એપ્રિલે વડાપ્રધાન મોદીના પ્રવાસનો અંતિમ દિવસ રહેશે અને આ દિવસે સવારે ૧૦.૩૦ વાગ્યે તેઓ ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં ત્રિ દિવસીય આયુષ સમિટને ખુલ્લો મૂકશે. અહીંથી તેઓ ૩.૩૦ વાગ્યે દાહોદ જશે અને

# પહેલીવાર બ્રિટિશ પ્રધાનમંત્રી બોરિસ જૉનસન ભારત આવશે

### રાજધાની દિલ્હી નહીં ગુજરાતથી શરૂ કરશે પ્રવાસ : બોરિસ જોનસન ૨૧ અને ૨૨ એપ્રિલના રોજ ભારતમાં રહેશે : તેઓ મોટા રોકાણોની જાહેરાત કરે તેવી શક્યતા

લંડન, તા.૧૭

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જૉનસન ભારત આવી રહ્યા છે. તેઓ ૨૧ અને ૨૨ એપ્રિલ બે દિવસ માટે ભારત આવશે. સામાન્યપણે વિદેશથી આવતા મહેમાનો પહેલા રાજધાની દિલ્હીની મુલાકાત લેતા હોય છે પરંતુ બોરિસ જોનસન પોતાના પ્રવાસની શરુઆત ગુજરાતથી કરવાના છે. ગુરુવારના રોજ તેઓ ગુજરાત આવશે અને તેઓ અહીં અનેક મહત્વના ઉદ્યોગોમાં રોકાણની જાહેરાત કરી શકે છે. શુક્રવારના રોજ નવી દિલ્હીમાં તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરશે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વતન હોવાની સાથે સાથે ગુજરાત બ્રિટનમાં મોટી સંખ્યામાં વસતા લોકોનું પણ વતન છે. ભારત પ્રવાસ પહેલા બોરિસ જૉનસને જણાવ્યું કે દુનિયાના સૌથી મોટા લોકતંત્ર તરીકે ઓળખાતું ભારત અત્યારે અનિશ્ચિત સમયમાં બ્રિટન માટે અત્યંત મહત્વનું ભાગીદાર છે. બોરિસ જોનસન યુક્રેન પર રશિયાના હુમલા પછી ભારત આવનારા યૂરોપના પ્રથમ રાષ્ટ્ર અધ્યક્ષ છે. થોડા સમય પહેલા જ બોરિસ જોનસને યુક્રેનની ગુપ્ત મુલાકાત લીધી હતી. તેમણે રાજધાની કીવમાં રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી હતી અને



મજબૂત સમર્થનનું વચન આપ્યુ હતું.

ભારત પ્રવાસનું મહત્વ દર્શાવતા બોરિસ જૉનસને કહ્યું કે, આજે અમે અમુક નિરંકુશ દેશો તરફથી શાંતિ અને સમૃદ્ધિના જોખમનો સામનો કરી રહ્યા છે. આવી સ્થિતિમાં જરૂરી છે કે લોકતંત્ર ધરાવતા મિત્ર દેશો એકજૂટ રહે. નોંધનીય છે કે ગયા મહિને બ્રિટનના વિદેશ મંત્રી લિઝ ટ્રસે ભારતની મુલાકાત લીધી હતી.

# દક્ષિણ આફ્રિકામાં પૂરથી તબાહી, ૪૦૦ના મોત

ક્વાઝુલુ-નાતાલ, તા.૧૭

દક્ષિણ આફ્રિકાના ક્વાઝુલુ-નાતાલ પ્રાંતમાં પૂરથી મૃત્યુઆંક વધીને ૪૦૦ પર પહોંચી ગયો છે જ્યારે હજારો બેઘર થયા છે. એક સરકારી અધિકારીએ આ માહિતી આપી. શુક્રવાર સુધીમાં કુલ ૪૦,૭૨૩ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. રાહત પ્રયાસોને ટેકો આપવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પૂરગ્રસ્ત વિસ્તારમાં ૪,૦૦૦થી વધુ કામદારોને તૈનાત કરવામાં આવ્યા છે. કામદારો રોડ,

**૪ હજાર મકાનો ધરાશાયી, ૪૦ હજારથી વધુ લોકો પ્રભાવિત : કામદારો રોડ, પાણી પુરવઠો, સ્વચ્છતા અને વીજળી જેવા ક્ષતિગ્રસ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મરામતમાં વ્યસ્ત છે**

પાણી પુરવઠો, સ્વચ્છતા અને વીજળી જેવા ક્ષતિગ્રસ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મરામતમાં વ્યસ્ત છે.

દક્ષિણ આફ્રિકાની હવામાન સેવા અનુસાર, આગામી દિવસોમાં પ્રાંતના ભાગોમાં વધુ વરસાદની અપેક્ષા છે. સરકારી અધિકારીએ કહ્યું કે, "આજે બપોરથી શનિવાર સાંજ સુધી દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન અને વરસાદની સંભાવના છે."

ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન સાથે જોડાયેલા કર્મચારીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ક્વાઝુલુ-નાતાલમાં કેટલાક દિવસોથી ભારે વરસાદ પડી રહ્યો છે, જેના કારણે રસ્તાઓ, ઘરો, શાળાઓ, ઈલેક્ટ્રીક થાંભલાઓ અને અનેક સરકારી ઈમારતોને નુકસાન થયું છે.

નેટકેર ૯૧૧ ના સીન હર્બસ્ટે એએફપી ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે, "દુર્ભાગ્યે, હજુ પણ ઘરોમાંથી, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાંથી મૃતદેહો મળી રહ્યા છે."

# જહાંગીરપુરી હિંસા મામલે પોલીસે ફરિયાદ દાખલ કરી

### અન્ય સંવેદનશીલ ક્ષેત્રોમાં સુરક્ષાદળ તૈનાત કરાયા : દિલ્હી પોલીસે ૧૫ સંદિગ્ધોની અટકાયત કરી છે

નવી દિલ્હી, તા.૧૭

નોર્થ-વેસ્ટ દિલ્હીનાં જહાંગીરપુરી વિસ્તારમાં ૧૬ એપ્રિલની સાંજે હનુમાન જયંતીનાં



અવસર પર કાઢવામાં આવી રહેલી શોભાયાત્રા પર પત્થરમારા બાદ હિંસા ભડકી ગઈ હતી. બે પક્ષ તરફથી દિલ્હીનાં જહાંગીરપુરી વિસ્તારમાં ૧૬ એપ્રિલની સાંજે કેટલાંક ઉપદ્રવીઓએ કેટલીક ગાડીઓને આંગ ચાંપી દીધી હતી. આ ઘટનામાં કેટલાંક પોલીસ કર્મીઓ પણ ઘાયલ થયા હતાં. દિલ્હી પોલીસનાં પીઆરઓ અન્યેશ રોયે જણાવ્યું કે, સ્થિતિ હવે કંટ્રોલમાં છે. જહાંગીરપુરી સહિત દિલ્હીનાં અન્ય સંવેદનશીલ ક્ષેત્રોમાં સુરક્ષાદળ તૈનાત કરવામાં આવ્યાં છે. દિલ્હી પોલીસે આ ઘટનાનાં સંબંધે અત્યાર સુધીમાં ૧૫ સંદિગ્ધોની અટકાયત કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહએ દિલ્હીનાં પોલીસ કમિશ્નર રાકેશ અસ્થાના સાથે વાત કરી અને પરિસ્થિતિ કંટ્રોલમાં કરવાનાં નિર્દેશ આપ્યાં છે.

જહાંગીરપુરી હિંસા પર દિલ્હી પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાએ કહ્યું છે કે જે લોકો કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરશે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. હિંસા આચરનારા બદમાશોને બક્ષવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે જહાંગીરપુર સહિત દિલ્હીના અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. વરિષ્ઠ અધિકારીઓને એલર્ટ રહેવા અને પરિસ્થિતિ પર નજર રાખવા માટે કહેવામાં આવ્યું છે. જહાંગીરપુરીમાં સ્થિતિ હવે નિયંત્રણમાં છે. હિંસાની તપાસ માટે ૧૦ ટીમો બનાવવામાં આવી છે. દિલ્હી પોલીસે રાષ્ટ્રીય રાજધાનીના જહાંગીરપુરી વિસ્તારમાં હિંસાના સંબંધમાં એફઆઈઆર નોંધી છે.

# સેનામાં કોન્ટ્રાક્ટ આધારિત ભરતી પ્રક્રિયા પર લાગી શકે મંજૂરીની મહોર

### તેને લઇને લગભગ બે વર્ષથી તૈયારીઓ ચાલી રહી છે : આ પ્રસ્તાવને ટૂર ઓફ ડ્યૂટીનું નામ આપવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૧૭

સૈન્ય બળોમાં જલદી જ એક નવી રીતે સૈનિકોની ભરતીની પ્રક્રિયા શરૂ થઈ શકે છે. આ પ્રસ્તાવને ટૂર ઓફ ડ્યૂટી ([કિ ફ્રૈઅ) નું નામ આપવામાં આવ્યું છે. તેને ઓછા બજેટમાં યુવાનોને રોજગાર આપવાના ઈરાદે જલદી જ લોન્ચ કરવામાં આવશે. તેને લઈને લગભગ બે વર્ષથી તૈયારીઓ ચાલી રહી છે.

આ અભિયાન હેઠળ ઓછા ખર્ચામાં એક નિશ્ચિત ઓછા સમયના કરાર પર સૈન્ય બળોમાં અધિકારીઓ અને સૈનિકોની ભરતી કરવામાં આવશે. તેના હેઠળ નોકરીનો સમય લગભગ ત્રણ વર્ષનો હોય શકે છે. તમને જણાવી દઈએ કે કોરોના મહામારીના કારણે ગત બે વર્ષોમાં સશસ્ત્ર દળોની ભરતીમાં ખૂબ મોટો ઘટાડો થયો છે. એક સત્તાવાર રેકોર્ડ અનુસાર હાલમાં સેના, વાયુસેના અને નૌસેનામાં ૧,૨૫,૩૬૪ પદ ખાલી છે. એવામાં 'ટૂર ઓફ ડ્યૂટી' હેઠળ થનાર ભરતીથી જ્યાં યુવાનોને નોકરી આપવામાં આવશે તો બીજી તરફ સરકારી ખર્ચમાં પણ ઘટાડો આવશે. ટોચના નેતૃત્વથી પ્રસ્તાવને લીલી ઝંડી મળવાની આશા છે. આ અઠવાડિયાથી રક્ષા મંત્રાલયમાં 'ટૂર ઓફ ડ્યૂટી' પર બ્રીફિંગ આપવામાં આવી છે. આ યોજનાને ૨૦૨૦ માં સેના પ્રમુખ જનરલ એમએમ નરવણે દ્વારા લાવવામાં આવ્યો હતો. તાજેતરમાં સરકારના ટોચના સ્તરો પર તેના આકાર અને દાયરા પર વિચાર-વિમર્શ કરવામાં આવશે. આ યોજનાની અંતિમ રૂપરેખા અત્યાર સુધી સામે આવી નથી. જોકે આ નિર્ણયથી સશસ્ત્ર બળોમાં સ્થાઈ ભરતીની અવધારણામાં ફેરફારની આશા છે. નવી પ્રક્રિયામાં ત્રણ વર્ષના અંતમાં મોટાભાગના સૈનિકે ડ્યૂટી મુક્ત કરી દેવામાં આવશે. તેમને આગળથી રોજગારની તકો માટે સશસ્ત્ર બળોથી મદદ મળશે. તો બીજી તરફ ભરતી કરાયેલા શ્રેષ્ઠ યુવાનોને જો જગ્યા હોય તો તેમની સેવા ચાલુ રાખવાની તક મળી શકે છે.

# યુક્રેનમાં રશિયન જનરલનું મોત

કિવ, તા.૧૭

યુક્રેનના મેરીયુપોલ બંદરને ઘેરી લેનાર રશિયન સૈનિકોના એક જનરલ યુદ્ધમાં માર્યા ગયા છે અને તેમના મૃતદેહને શનિવારે સેન્ટ પીટર્સબર્ગમાં દફનાવવામાં આવ્યો હતો. રાજ્યપાલે આ માહિતી આપી છે. રશિયાના મેજર જનરલ વ્લાદિમીર ફ્રોલોવ ૮મી આર્મીના ડેપ્યુટી કમાન્ડર હતા. રશિયન મીડિયા અનુસાર આ આર્મી યુનિટ મેરીયુપોલમાં અઠવાડિયાથી તૈનાત રશિયન સૈનિકોમાં સામેલ છે. રશિયાના સેન્ટ પીટર્સબર્ગના ગવર્નર એલેકઝાન્ડર બેગલોવે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફ્રોલોવનું યુદ્ધમાં એક નાયકની જેમ મૃત્યુ થયું છે. ફ્રોલોવનું મૃત્યુ ક્યારે અને ક્યાં થયું તે તેણે જણાવ્યું ન હતું.

# સોશિયલ મીડિયા પોસ્ટ મુદ્દે હુબલીમાં થયેલો હંગામો

### અનેક પોલીસકર્મી ઘાયલ, ૪૦ની ધરપકડ : પોલીસની ગાડીઓ, હોસ્પિટલ અને એક ધાર્મિક સ્થળને નુકસાન પહોંચાડ્યું તથા કેટલાક પોલીસકર્મીઓને ઘાયલ

નવી દિલ્હી, તા.૧૭

કર્ણાટકના જૂના હુબલી શહેરમાં સોશિયલ મીડિયા પોસ્ટને લઈને મોટી સંખ્યામાં લોકોએ કથિત રીતે હંગામો મચાવ્યો. તેમણે પોલીસની ગાડીઓ, નજીક આવેલી એક હોસ્પિટલ અને એક ધાર્મિક સ્થળને નુકસાન પહોંચાડ્યું તથા કેટલાક પોલીસકર્મીઓને ઘાયલ કર્યા. પોલીસે જણાવ્યું કે હુબલી શહેરમાં કલમ ૧૪૪ લાગૂ કરાઈ છે. હુબલી ધારવાડના પોલીસ કમિશનર લાભુરામે પત્રકારોને કહ્યું કે લગભગ ૪૦ લોકોની ધરપકડ કરાઈ છે. ડ્યૂટી પર તૈનાત ૧૨ જેટલા અધિકારીઓ ઘાયલ થયા છે અને કેટલાક પોલીસ વાહનોને નુકસાન થયું છે.

તેમણે કહ્યું કે અમે તમામ સુરક્ષા પગલાં લીધા છે. જેથી કરીને આવું ફરી ન બને. જેમણે કાયદો હાથમાં લીધો છે તેમને છોડીશું નહીં.' પોલીસ કમિશનરે જણાવ્યું કે કોઈ વ્યક્તિએ સોશિયલ મીડિયા પોસ્ટ કરી હતી જેના પર અન્ય લોકોએ આપત્તિ જતાવી અને પોલીસમાં ફરિયાદ નોંધાવી. ત્યારબાદ એક મામલો નોંધીને તે વ્યક્તિની ધરપકડ કરાઈ. તેમણે જણાવ્યું કે કાર્યવાહીથી સંતુષ્ટ ન થતા કેટલાક લોકો પોલીસ મથક પાસે ભેગા થવા લાગ્યા. તેમને સમજાવવામાં આવ્યા અને ત્યારબાદ હટાવી દેવાયા. અધિકારીએ જણાવ્યું કે ગત મોડી રાતે ફરી એકવાર મોટી સંખ્યામાં લોકો પોલીસ મથક પાસે ભેગા થવા લાગ્યા. જેના પર તે લોકોના નેતાઓને પોલીસ મથક બોલાવવામાં આવ્યા અને કરવામાં આવેલી કાર્યવાહી વિશે તેમને માહિતગાર કરાયા.


## પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની અંજલિ



**સ્વ. ભાવનાબેન રમેશભાઈ ઠાકોર**

સ્વ. તા. ૧૮/૪/૨૦૨૧


તું ભલે આમ અચાનક અમારાથી દૂર થઈ ગઈ
પણ અમારા બધાના હૃદયમાં કાયમી સંભારણા મુકતી ગઈ
ભલે થયું એક વર્ષ પણ હજુ તારો હસતો ચહેરો યાદ આવે છે
અને તું અમારા બધાની આંખોમાંથી દડ દડ આંસુ લાવે છે
પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની અંજલિ અર્પીએ છીએ...

લિ.

રમેશભાઈ શંભુજી ઠાકોર (એ.પી.પી.)
જય રમેશભાઈ ઠાકોર
શંભુજી ઠાકોર પરિવાર
તથા શંકરભાઈ ઠાકોર પરિવાર



## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ યાદભરી સ્મરણાંજલિ



**સ્વ. કનુભાઈ શિવલાલ શાહ**

જન્મ : ૩/૯/૧૯૪૬ । સ્વર્ગવાસ : ૧૮/૪/૨૦૨૧

ક્ષણ, દિવસ, મહિના સાથે અમે તમને યાદ કરતા ગયા,
આપની યાદો સાથે અમે જીવતા શીખતા ગયા
તમારી ખોટ ક્યારેય પુરાશે નહિ,
તમારી યાદ ક્યારેય ભુલાશે નહિ.
બસ, તમારા આશીર્વાદ રહે સદા અમારા પર.
સ્વભાવે દયાળુ, ધાર્મિક, કર્તવ્યનિષ્ઠ, પરોપકારી એવા પિતાશ્રીને
પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાપૂર્વક, ભાવપૂર્વક નમન કરી
શ્રદ્ધાસુમન અમે અર્પણ કરીએ છીએ.
તમને હંમેશા યાદ કરતા તમારો પરિવાર

લિ.

શીલાબેન કનુભાઈ શાહ
(મો. ૯૯૨૫૦ ૨૨૪૮૬)

રાકેશ કનુભાઈ શાહ (૯૮૨૫૩ ૨૨૯૫૮) | શેતલ કનુભાઈ શાહ (૯૯૨૫૧ ૩૩૧૩૯)
નીકિતા રાકેશ શાહ | સોનલ શેતલ શાહ
કુશ અને નીલ | ધૈર્ય અને મીત

શાહ શીવલાલ પાનાચંદ પરિવાર

● શ્રી વિનય ટ્રેડર્સ ● શ્રી શેતલ ટ્રેડર્સ